# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૨૭/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બર આયોજીત 'સ્પાર્કલ–૨૦૦૯' રંગ જમાવે છે.

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આયોજીત જેમ એન્ડ જ્વેલરી પ્રદર્શન 'સ્પાર્કલ–૨૦૦૯' રંગ જમાવી રહયું છે. બીજા દિવસે પણ મોટી સંખ્યામાં મુલાકાતીઓ 'સ્પાર્કલ' ને નિહાળવા ઉમટી પડયા હતા.

જેમ એન્ડ જવેલરી ક્ષેત્રમાં પ્રવેશેલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન અને વ્યાપકમંચ પુરો પાડનારા આ પ્રદર્શનની મુલાકાત લેનારાઓ પોતાના મનમાં સુરતના ડાયમંડ અને જ્વેલરી ઉદ્યોગ વિશે એક નવી ઈમેજ લઈ જઈ રહયા છે. સ્પાર્કલ ના આજના આકર્ષણમાં ડ્રેગન ડીઝાઈન નેકલેસ ઉપરાંત ડોલ્ફિન ફિશે મુલાકાતીઓમાં ઉત્સુકતા જગાડી છે. 'સ્પાર્કલ' માં ભાગ લેનારા એકિઝબીટર્સ પણ મુલાકાતીઓ તરફથી મળતા પ્રતિસાદથી પ્રોત્સાહીત થયા છે.વિદેશી મુલાકાતીઓ પણ પ્રદર્શનમાં મુકાયેલી જ્વેલરીની વિવિધ ડિઝાઈન્સથી પ્રભાવિત થઈ ગયા હતા.

'સ્પાર્કલ–૨૦૦૯' ની મુલાકાત લેનારા મહાનુભવો રાજયના આરોગ્ય અને પ્રવાસનમંત્રી માનનીય શ્રી જયનારાયણભાઈ વ્યાસ, ડીજીવીસીએલ ના એમ.ડી. શ્રી જી. કે. સિન્હા, તથા શહેરના પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા એ પ્રદર્શનમાં મુકાયેલી વિવિધ જ્વેલરી નિહાળી હતી તથા સ્ટોલ ધારકો પાસેથી જાણકારી મેળવી હતી.